સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

બેન્ક થાપણોનું હરણ કરી જાય છે રાવણ!
તંત્ર - તિજોરીનું મારણ કરી જાય છે રાવણ !
કરી જાય છે અપહરણ બધા કાયદાઓનું -
મરના નથી, ઘેર ઘેર પેદા જાય છે રાવણ!
(રાવણ દહન)

હાઈકુ

દોડતું નથી
ઘોડું વિપક્ષીઓનું
'દસમ' ને દિ'

મન મુજબ
દોડે વિપક્ષી ઘોડાં -
દસે દિશામાં

ચિંતન

અવન્તુ નઃ પિતરઃ સુ + પ્ર - વાચના,
ઉત દેવી દેવ - પુત્રે ઋતા - વૃધા ।

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

હે પિતૃઓ તમે અમારું રક્ષણ કરો. અમારું જીવન તમારી જેવું સુંદર અને શ્રેષ્ઠ બનાવો. હે દેવીઓ (માતાઓ) અમને દેવપુત્રો બનાવો.

આ ઋચામાં પિતરઃ શબ્દ બહુવચનમાં છે. પિતા શબ્દનો અર્થ માત્ર જન્મદાતા એટલો જ નથી. પિતા શબ્દમાં માતા, પિતાહ, પિતામહ, પિતામહી ઈત્યાદિ બધા વડીલોનો સમાવેશ થઈ જાય છે. ઋષિ આ સહુ વડીલોને પ્રાર્થના કરે છે કે હે, પિતાઓ તમે અમારું બુરાઈઓથી રક્ષણ કરો. અહીં જગતમાં જે કંઈ અધર્મ કે અનીતિ છે એનાથી અમોને બચાવે.

સંતાનોને રક્ષિત કરવા એ પિતૃકર્મ છે પણ આવું રક્ષણ સંપત્તિ કે સત્તાનું ન હોય.

સુવિચાર

- સજ્જન વનવેલી ભલી, કરે ઝાડનું શું પ્રીત, સૂકે પણ નહીં, એ સજ્જનની રીત - **જનકલ્યાણ**
- કોઠારો ભરેલી અક્કલ કરતાં મુઠ્ઠીભર ધીરજ વધુ ઉપયોગી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સંત, સંપૂતને તૂંબડા, ત્રણેનો એક સ્વભાવ, તારે પણ ડૂબે નહીં ઉતારી દે ભવ પાર - **અખંડ આનંદ**
- સમજણની વાડીમાં આવ્યાં એવા ખોટાં બોર, શેઢા ઉપર વાવી દીધો પોતપોતાનો થોર - **વનરાજ માલવી**
- સમાધિની અવસ્થા એટલે 'મારાથી મને અળઘો કરવાની વ્યવસ્થા' ઈશ્વરી તત્ત્વનો ગાઢ આશ્લેષ જ ચિત્તના વળગણો હટાવી શકે અને અહંભાવ ને નિશેઃષ કરી શકે - **ઓશો**
- અનુકૂળની આશા રાખો અને પ્રતિકૂળ માટે તૈયાર રહો - **બૌદ્ધિ વૃક્ષ**
- આજનું ઔષધ : એક ગ્રામ મરીનું ચૂર્ણ ઘીમાં મેળવીને બે વાર ખાવાથી તથા શીલસ પર લેપ કરવાથી શીળસ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ચીનના ભરવાડ પાસે ઘણાં બધા ઘેટા હતા. તે સાચવવામાં બી મુશ્કેલી પડતી હોવાથી તેણે ઘેટાના બે ભાગ કરી સાથે વાડાના પણ બે ભાગની કરી બે યુવાનોને અલગ અલગ દેખભાળ કરવા માટે રાખ્યા. બંને યુવાનોને સૂચના હતી કે તેમણે નિયમ સમયે ઘેટાને ચરાવવા લઈ જવા, પાછા લાવવા વગેરે. એક વાર ભરવાડને યાત્રાએ જવાનું થયું. થોડા દિવસો પછી જયારે તે યાત્રાએથી પરત ફર્યો તો જોયું કે ઘેટા કમજોર થવા લાગ્યા હતા, થોડાક તો મરી પણ ગયા હતા. ભરવાડે તપાસ કરી તો જાણવા મળ્યું કે બંને યુવાનોની એવી આદત હતી કે જેને કારણે તેઓ ઘેટા સાચવી શક્યા ન હતા. એક ને જુગાર રમવાની આદત હતી અને તે ગામમાં જયાં જુગાર રમાતો હોય ત્યાં બાજુ લગાવવા બેસી જતો હતો. આ જુગારનાં ચક્કરમાં ઘેટા ભૂખ્યાં - તરસ્યાં રહી જતો. બીજી બાજુ બીજો યુવાન ખૂબ ધાર્મિક હતો. તે હંમેશા ઘરમાં બેસીને પૂજા - પાઠ - ધર્મધ્યાનમાં વ્યસ્ત રહેતો. અમીરે આ બંને યુવાનોને ન્યાયાધીશ સમક્ષ સમક્ષ રજૂ કર્યા. ન્યાયાધીશે બંને યુવાનોને એકસરખી સજા ફટકારી. સજા સાંભળી બીજા યુવાને કહ્યું, 'માન્યું કે મારાથી ભૂલ થઈ છે, પરંતુ હું જુગારી તો નથી ને, હું તો પૂજાપાઠ કરનારો સદાચારી વ્યક્તિ છું. મને જુગારી જેવી જ સજા કેમ મળી ?' ન્યાયાધીશે કહ્યું, 'કર્તવ્યપાલનની ઉપેક્ષા માટે તું પણ પેલા જુગારી જેટલો જ દોષિત છે. કર્તવ્ય ભાવ વગર જે પણ કરવામાં આવે છે તે વ્યસન જ કહેવાય. એટલે તને જુગારી જેટલી જ સજા કરવામાં આવી છે.'

ભારતીય સંસ્કૃતિનું ભવ્ય પર્વ

તંત્રીસ્થાનેથી...

દશેરા એ હિંદુ સમાજનું અનોખું પર્વ છે. કેટલીક તિથિઓ સાથે શાશ્વત શુભત્વ સંકળાયેલું છે - મકર સંક્રાંતિ, અક્ષય તૃતીયા, અષાઢી બીજ, ધનતેરસ, લાંભ પાંચમ જેવી સદાકાળ શુભ મનાયેલી પવિત્ર તિથિઓમાં વિજયાદશમીનો પણ સમાવેશ થાય છે. શુભ કાર્યોમાં આ દિવસે કરેલો પ્રારંભ સફળતામાં જ પરિણમે એવી પરંપરા શ્રદ્ધા હિંદુ માનસ માટે ઉપકારક નીવડી છે. આ શુભ પર્વ નવરાત્રીના અંતે આવે છે. એ આસુરી પરિબળો જેવા વાસનાભૂખ્યા રાક્ષસ પર દુર્ગાના વિજયની એ ગાથા છે. તો વળી ભગવાન શ્રી રામચંદ્રના લંકાવિજય પછી અયોધ્યા પ્રવેશના આનંદોત્સવનું પણ આ પર્વ હોઈ શકે. દશેરાના દિવસે ઠેર-ઠેર રામલીલાના અંતિમ સોપાન તરીકે રાવણ વધના ભવ્ય કાર્યક્રમો યોજાતા હોય છે. આ લોકોત્સવ પ્રજાજીવન સાથે એ હદે વણાઈ ગયો છે કે એમાં સમસ્ત પ્રજાની અસ્મિતા છલકાતી હોઈ શું રાજનેતા કે શું પ્રજાજન : બધાં નાત-જાત અને ધર્મ-સંપ્રદાયના ભેદભાવ ભૂલી ઉમળકાપૂર્વક જોડાય છે. ઉત્તર ભારતમાં 'રામલીલા' એ વર્ષની એક અત્યંત મહત્ત્વની સાંસ્કૃતિક ઘટના બની ચૂકી છે. જેમ મહારાષ્ટ્રમાં ગણેશોત્સવ કે જન્માષ્ટમીનો મરટકી-ફોડ ઉત્સવ ઊજવાય છે કે ગુજરાતમાં મકર સંક્રાંતિનો પતંગોત્સવ અને નવરાત્રીના ગરબા યોજાય છે એમ ઉત્તર ભારતમાં ઠેર ઠેર વિજયા દશમીનું પર્વ ઊજવાતું રહ્યું છે. વળી આ પર્વ પાછળ વિવિધ પૌરાણિક સંદર્ભો જોડાયેલા હોઈ તે વિશિષ્ટ અને કાલજયી પર્વ બની રહ્યું છે. પાંડવોએ એમના ગુપ્તવાસ દરમિયાન શમી વૃક્ષના થશ પાસે શસ્ત્રો સંતાડ્યાં હતાં. ગુપ્તવાસ પૂરો થતાં શમી પૂજન સાથે એ શસ્ત્રોનું પૂજન કરી પાંડવો પુનઃ પોતાની શૌર્ય પ્રરાક્રમ વાળી ઓળખ સાથે પ્રગટ થયા હતા. શ્રીકૃષ્ણને વિષ્ટિકાર તરીકે મોકલી માત્ર પાંચ ગામની શરતે પણ સમાધાન કરવા સંમત થયેલા પાંડવોને નાછૂટકે દુર્યોધનની હઠને કારણે લોહિયાળ જંગ ખેલવો પડ્યો હતો. 'વિજયા દશમી' શબ્દ વધુ પ્રચલિત છે પરંતુ સાચો શબ્દ તો 'વિજય દશમી' છે. નવરાત્રીની સમાપ્તિ સાથે જોડાયેલ આ વિજય પર્વ ભારતીય સંસ્કૃતિ સાથે એ હદે વણાઈ ગયું છે કે એને માત્ર હિંદુ પર્વ ગણવું એ એનું અવમૂલ્યન લેખાશે. ભારત વર્ષનો એ સાચા અર્થમાં ધાર્મિક અને સાંસ્કૃતિક તહેવાર છે કુલુ મનાલીથી લઈ કર્ણાટક સુધી એ આગવી અને પોતીકી પરંપરા બની રહેલ છે. એમાં દુરિત પર દિવ્યતાના વિજયનો ઉલ્લાસ સંકળાયેલ છે. ગુજરાતમાં દશેરા જરા નોખી રીતે ઉજવાય છે. શસ્ત્ર પૂજન તો ક્ષત્રિયો પૂરતું મર્યાદિત બની રહ્યું છે. એ સમજાતું નથી કે વીરરસ સાથે સંકળાયેલા આ વિજય પર્વને ફાફડા - જલેબી સાથે કેમ સાંકળી દેવાયું હશે ! વણજોયેલા મુહૂર્ત તરીકે વિજયાદશમી એ કોઈ પણ શુભમંગલ કાર્યના પ્રારંભ માટે શ્રેષ્ઠ ગણાયું છે. શીરડીના સાંઈબાબા દશેરાના દિવસે બ્રહ્મલીન થયા હતા. દશેરા એ વર્ષના સૌથી મોટા પર્વ દીપાવલીની પૂર્વભૂમિકા રચનારું પર્વ છે. દિલ્હીના રામલીલા મેદાનથી લઈ હવે તો નાનાં નગરો સુધી રાવણવધના રંગીન કાર્યક્રમો યોજાય છે અને બિનસાંપ્રદાયિકતાની વાતો કરનારા રાજકીય નેતાઓ પણ એમાં હોંશે હોંશે ભાગ લે છે. દુરિત ઉપરના માનવમાં સમાયેલી શુભત્વ - ભાવનાના વિજયનું પર્વ સૌને મુબારક કહો.

મેં ગાંધીજીને જોયા નથી

મનના ઉમંગો
રણછોડ પરમાર

શ્રી ભગવતીકુમાર શર્માના કાવ્યોની વાત આપણે ઘણા સમયથી કરી રહ્યા છે. તેમણે જેટલી સુંદર ગઝલો લખી છે ,એટલાજ સુંદર ગીતો લખ્યા છે. એટલે તો ડો.વિરેંચી ત્રિવેદીએ લખ્યું છે કે "ગઝલ એમનો શ્વાસ છે તો ગીત એમના લોહીનો લય છે." આપણે તેમના ગીતો અને ગઝલો માણ્યા પણ ખરા. શ્રી શર્માએ ગીત-ગઝલની સર્ખામણીમાં સોનેટ ઓછા લખ્યા છે. પણ જે લખ્યા છે તેમાં ઘણાં સોનેટ ઉત્તમ સોનેટોમાં સમાવવા પડે તેવાં છે.માતા,પિતાને સંબોધીને લખેલાં સોનેટ શ્રેષ્ઠ ગણવા પડે તેવાં કાવ્યો છે. સોનેટની વાત ફરી ક્યારેક કરીશું પણ આજે મારે તમને એમના એક અછાંદસ કાવ્યની વાત કરવી છે.

શ્રી ભગવતી કુમાર શર્માએ ગાંધીજી ઉપર એક લાંબુ અછાંદસ લખ્યું છે. ગાંધીજીને તેમણે જોયા નથી. આપણામાંથી ઘણા બધા લોકોએ પણ ગાંધીજીને જોયા નહીં હોય. પણ જેમણે ગાંધીજીને જોયા છે, એમના સાન્નિધ્યમાં શ્વાસ લીધા છે, એમના ઉપદેશોને પોતાનો જીવન ધર્મ ગણાવ્યો છે; એમણે શું કર્યું છે ? કેટલાય લોકો એવા હશે જેમણે ગાંધીજીને જોયા છે, પણ ઓળખ્યા નથી. સામા પક્ષે એવા કેટલાયે લોકો હશે જેમણે ગાંધીજીને કદી જોયા નથી,પણ ઓળખ્યા છે પૂરેપૂરા. માર્ટીન લ્યુથર કીંગ અને ખાન અબ્દુલ ગફાર ખાન આવા માણસો ગણી શકાય. આપણે ત્યાં શ્રી રવિશંકર મહારાજને એવા જ ગણવા પડે. પણ બીજા કેટલા ? જવા દો એ વાત, ખુબ ધીરજ ધરીને આ કાવ્ય વાંચો.

મેં ગાંધીજીને જોયા નથી

મેં ગાંધીજીને જોયા નથી. એમનાં ચશ્માના કાચની જાડાઈ મેં મારી આંખની કીકીની ફૂટપટ્ટી વડે માપી નથી. એમની ચકચકતી ટાલનાં સૂર્યકિરણો મેં મારી કંતાઈ ગયેલી આંગળીને વેઢે ગણ્યા નથી. એમના

અનુસંધાન પાના નં ૭ પર

જયાં સ્ત્રીઓ સન્માનિત ત્યાં દેવતા પ્રસન્ન



લાગણીનો મેળો
રસિક વાળંદ

શણગાર પ્હેલી શોભતાં ગીત ઘરોઘર ગવાય,
તોરણ બાંધ્યા આંગણે આસો માંય;

●●●

એક સંતની સભામાં અચાનક એક છોકરી ઊભી થઈ... એના ચહેરા પર થોડો આક્રોશ દેખાતો હતો... એ કંઈક માગતી હતી ! સંતે ઓ છોકરીને પૂછ્યું; 'બોલ, દીકરી શું વાત છે?' મહારાજ, આ સમાજમાં છોકરાઓને દરેક પ્રકારની છૂટછાટ - આઝાદી હોય છે... એ કંઈ પણ કરે, ગમે ત્યાં જાય... એમને કોઈ વધારે રોકટોક - ટોકાટોખી નથી હોતી.... અને આનાથી વિપરીત છોકરીઓને વાતવાતમાં - ડગલને પગલે ટોકવામાં આવે છે.... આ નહીં કરવાનું પેલું ના કરાય.... એટલા કયાંય ના જવાય.... ઘરે જલદી આવી જવું.... વગેરે.... વગેરે....

સંતે હળવું સ્મિત રેલાવતાં જવાબ આપ્યો... 'બેટા, તેં કોઈ દિવસ લોખંડની દુકાનની બહાર પડેલા લોખંડની મસમોટી ભારેખમ ગર્ડરો.... (પાટાઓ) જોઈ છે ?? આ ગર્ડરો શિયાળો, ઉનાળો, ચોમાસુ અને રાત હોય કે દિવસ... એમ જ પડી રહેલી હોય છે ! તેમ છતાં એમનું કાંઈ નુકશાન થતું નથી... અને એમની કિંમતમાં પણ કાંઈ ફરક નથી પડતો ! બસ... છોકરાઓ માટે... આ પ્રાકરની વિચારધારા છે આ સમાજમાં !!'

હવે, જો એક સોનીની દુકાનમાં એક મોટી તિજોરી... પછી એમાં એક નાની તિજોરી...અને એમાં વળી એક નાનકડી ડબ્બીમાં.... રેશમના કપડા ઉપર નજાગતથી મુકેલી હીરાની વીંટી !!

કારણ કે - સોનીને ખબર છે કે.. જો આ હીરા પર થોડીક પણ ખરોચ આવી... તો આની કોઈ કિંમત નહીં રહે !

આ સમાજમાં - દીકરીઓની ઈજ્જ આવી છે, આખા પરિવારને રોશન કરતી ઝળહળતી હીરાની અંગૂઠી જેવી !! જરાક અમથી ખરોચથી એની અને પરિવાર જોડે કોઈ પણ નથી રહેતું !

બસ આટલું જ અંતર છે. દીકરા અને દીકરીઓમાં !! આખી સભા સ્તબ્ધ થઈ ગઈ.... સંત મહાત્માને પ્રશ્નપૂછનાર એ છોકરીની સાથે આખી સભાની આંખોમાં છુપાયેલી નમીમાં હીરા અને લોખંડની અહેમિયત (કિંમત) સાફ દેખાતી હતી.

Dimonds are Forever હીરા કે સદા કે લિયે... દોસ્તો, શારદીય નવરાત્રી... નવલા નોરતાંના અણમોલ દિવસો...

શક્તિ પૂજનનો ભારે મહિમા... સમગ્ર ભારત વર્ષની આગવી ઓળખ છે.... આપણે ત્યાં સ્ત્રીને 'નારીરત્ન' નું બહુમાન સાંપડ્યું છે. આપણો ઘર-સંસાર સ્ત્રી થકી જ ઊજળો છે. 'ગૃહિણી ગૃહમ્ ઉચ્ચયે' કહેવાયું છે. આપણા શાસ્ત્રકારોએ સ્પષ્ટપણે પણ કહ્યું છે કે, સ્ત્રીઓની મદદ વિના આગળના વધી શકાય નહિ. સ્ત્રીએ અર્ધાંગના છે. સ્ત્રી અને પુરુષ લગ્ન કરે એટલે કે જોડાઈ જાય અને બંને એકબીજાના પૂરક બને તો પૂર્ણતાએ પહોંચી શકે છે. સ્ત્રી - પુરુષ બંને પોતાના આચાર-વિચારમાં, રહેલી પોતાના શુદ્ધ અંતરઃકરણથી પુરુષો ઉપર પવિત્ર પ્રેમ રાખતા શીખે અને પોતાનામાં રહેલા મહાન સદગુણોને ખીલવે. તો જ પૂર્ણતા એ પહોંચાય. અને પોતાનામાં રહેલા મહાન સદ્‌ગુણોને ખીલવે. તો જ પૂર્ણતાએ એ પહોંચાય. જેમ બે પાંખ વડે ઊડી શકાય. બે પૈડા વિના ગાડી ન ચાલે - હે હાથ વિના તાળી ન પડે અને જેમ નેગેટિવ અને પોઝિટિવ તાર સાથે જોડાય વિના વીજળી ઉત્પન્ન થઈ શકે નહિ. આવું જ કંઈક સ્ત્રી-પુરુષના સંદર્ભે છે.

મિત્રો, એક સારું હોય અને બીજું અંગ નબળું હોય ત્યાં અર્ધાંગવાયુ જેવી સ્થિતિ સમજવી... સ્ત્રી તો અર્ધાંગિની ગણાય છે. આપણે ત્યાં અર્ધનારી નટેશ્વરની રોચક કલ્પના છે !

ભગવાન શ્રી કૃષ્ણએ ગીતામાં સ્ત્રીઓમાં રહેલા સાતગુણોને પોતાની વિભૂતિ ગણાવી છે, 'કીર્તિ શ્રીર્વાકચ્ નારીણાં સ્મૃતિર્મેધા ધૃતિ ક્ષમાઃ'

(૧) કીર્તિ (૨) સૌંદર્ય (૩) કોમળવાણી (૪) સ્મરણશક્તિ (૫) બુદ્ધિ (૬) ધીરજ અને (૭) ક્ષમા - એ સાત મુખ્યગુણો સ્ત્રીઓમાં રહેલા અને તે ગુણોમાં હું છું - એમ ભગવાન કહે છે.

દોસ્તો, હવે વિચાર કરો કે જે ગુણોમાં ખુદ પરાત્મા રહેલા હોય તે ગુણો જેનામાં હોય તે કેવાં ભાગ્યશાળી હોય અને તેની મહત્તા કેટલી બધી હોય ! સ્ત્રી પુરુષ સમોવડી બને એ કરતાં બહેતર છે કે સ્ત્રીનું સ્ત્રીપણું વિકસે.

તેથી જ કહેવાયું છે,

યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા ।
યત્ર, તાસ્તુ ન પૂજયન્તે સર્વાસ્તત્રાફલાઃ ક્રિયા ॥

અર્થાત જયાં સ્ત્રીઓને સુખી અને સન્માનથી રાખવાં આવે છે ત્યાં દેવતાઓ રમ્યા કરે છે અને જયાં સ્ત્રીઓનું સન્માન રહેતું નથી ત્યાં કોઈ પણ સારાં કામોનું ફળ મળતું નથી.

સ્પર્શમણિ :

- જયારે હું જન્મ્યો, મારી સંભાળ લેનાર કોઈ સ્ત્રી હતી - મા.
- જેમ હું મોટો થયો, મારી સાથે રમનાર, હસનાર, ધીંગામસ્તી કરનાર, નાની નાની વાતોની કાળજી કરનાર કોઈ સ્ત્રી હતી - બહેન.

અનુસંધાન પાના નં ૭ પર

'ચહેરો તો સુંદર છે તો પછી ડાઘ કયાં છે ?'

અદબ-પલાંઠી
મોં પર આંગળી
ડો. સંતોષ દેવકર

'મારો ચહેરો ...?' દીકરીએ લગભગ બૂમ પાડી 'આના ચહેરા પર કેટલા બધા ડાઘ છે.' ડાકટરે તપાસતા કહયું.

'હા.... ડાકટર.... પ્લીઝ કંઈક કરો.' મમ્મીએ ચિંતા વ્યકત કરી.

'મારો ચહેરો સારો બનાવી દો પ્લીઝ, ડા.' દીકરીએ રડતાં રડતાં કહયું.

'હા.... ધીરજ રાખો.... આઈ વીલ ટ્રાય માય લેવલ બેસ્ટ.'ડાકટરે આશ્વાસન આપ્યું.

'મમ્મી ...?' દીકરીએ ખોળામાં માથું મૂકી દીધું.

એક સામાન્ય કુટુંબ, અમદાવાદની પોળમાં રહે. ખાધે-પીધે સુખી પરંતુ મમ્મી-પપ્પા ચિંતીત રહેતા. કારણ યુવાન દીકરીના ચહેરા પર ડાઘ હતા. ચહેરો કદરૂપો લાગતો હતો. ચહેરા પરના ડાઘ દૂર થશે કે નહિ તેની ચિંતા ઘરના સૌને ઘેરી વળી હતી. ડાકટરે આશ્વાસન આપ્યું હતું. પ્લાસ્ટીક સર્જરી કરવાની હતી. દીકરીના ચહેરા પર ઊંડા ઘા હતા. ડાકટરે પ્લાસ્ટીક સર્જરી કરી. બે મહિને પાટા ખોલ્યા. જાણે ચમત્કાર થયો. ઘા અદૃશ્ય. ડાઘ પણ જાવા ન મળે.

ડાકટરે અરીસો બતાવ્યો અને પૂછયું,'બોલ, હવે કેમ લાગે છે ?'

દીકરીએ ચહેરો જાતાં કહયું, 'ચહેરો બદલાઈ ગયો. ખૂબ સારું લાગે છે, ડાઘ જતાં રહયાં.'

મમ્મી-પપ્પાએ ડાકટરનો આભાર માન્યો. થોડા દિવસ પછી દીકરી ડાકટર પાસે પાછી આવી. તેના ચહેરા પર હતાશાના ભાવ હતા. ડાકટરે પૂછયું, 'કેમ મૂડ નથી ?'

દીકરીએ દીલની વાત કરી, 'લોકો વિશેનો મારો ડર ઓછો થયો નથી.'

ડાકટરે પૂછયું, 'હવે શા નો ડર ?'

દીકરીએ કહયું, 'મને લાગે છે કે મારા મોં પરના જૂના ડાઘને લોકો ભૂલી શકયાં નથી.'

ડાકટરે કહયું, 'લોકો તારા ન દેખાતા ડાઘ કેમ યાદ રાખે ? અને તું શું કામ તારા ડાઘ યાદ રાખે છે ? શરીરના ડાઘ તો પ્લાસ્ટિક સર્જરીથી દૂર થઈ ગયા છે પરંતુ મનના ઘા અને હૃદયના ડાઘ વધુ હેરાનગતિ કરતાં હોય છે, તેને તારે ભૂલવા પડશે.'

જીવનમાં આગળ વધવા માટે અભિપ્રાય બદલાવો જરૂરી છે. ખરેખર ચહેરા પરના ડાઘ નિકળી ગયા છે. ઘા તો અંતરમાં છે ,જે ચહેરા પર વારંવાર ઉપસી આવે છે. મારા વિશેનો મારો અભિપ્રાય જા હું નહિ બદલું તો લોકો કેવી રીતે બદલશે ?

'લોકો શું કહેશે ?' આ વાતને કેન્દ્રમાં રાખીને જીવતા માણસો જીવનમાં કયારેય આગળ વધી શકે નહિ. મારા વિશેનો મારો પોતાનો મત મારી પર્સનાલિટી માટે મહત્ત્વનો બને છે. લોકોની ચિંતા કરવામાં લઘુતાગ્રંથિથી પિડાતા ફસ્ટ્રેટ થયેલા યુવાનો આપણે ત્યાં ઓછા નથી.

ચહેરો તો સુંદર જ છે. ડાઘ તો વિચાર કરવાની પધ્ધતિમાં છે. આત્મવિશ્વાસની ઉણપ વ્યકિત્વમાં મોટો ડાઘ સર્જે છે. મારા વ્યકિતત્વનું સન્માન હું નહિ કરું તો લોકો કેવી રીતે કરશે ? પોતાના વિશેનો પોતાનો અભિપ્રાય, પોતાના વિશે લોકોનો અભિપ્રાય બદલી શકે છે.મનનો ઉત્સાહ અને હૃદયનો પ્રેમ વ્યકિત્વનાં મોટા સર્જકો છે.

ચહેરો ખૂબસૂરત છે અને દેખાવડો છે. તેને જાળવવો અને સાચવવો પડે. દુન્યવી ડાઘથી અને લોકોના અભિપ્રાયથી. વ્યકિતત્વને નિશ્ચિત ઊંચાઈએ લઈ જવું પડે જેથી લોકોને અભિપ્રાય બદલવાની ફરજ પડે.પ્રમાણિકતા અને આત્મવિશ્વાસ જેવા ટોનીકથી આ ઊંચાઈ સર કરી શકાય છે. ડાઘ તો જાનારની આંખોમાં હોય છે. દૃષ્ટિ બદલવાથી વ્યકિતત્વની સુંદરતા ઊડીને આંખે વળગશે અને ડાઘ વગરનો સુંદર ચહેરો અરીસામાં જોઈ શકાશે.

મિસરી

હમેશા સોચના ભી કયા જમાને કે બારે મેં
કભી અપને લીયે સોચા કરો અચ્છા લગેગા
તુને કી-બોર્ડ પર હી ઊંગલીયા રખના સીખા હૈ
કભી અપનો કો ભી છુઆ કરો અચ્છા લગેગા

- રાકેશ સાગર

સ્પર્ધાનું તત્વ આનંદના તત્વ પર હાવી થઈ ભક્તિના આ પરંપરાગત પર્વને હૂંસાતૂંસી માં ફેરવી નાંખે છે

અબીલ-ગુલાલ
મમતા રાવલ

ગાંધીનગર અત્યાર સુધી વિદ્યાનગરીનું બિરૂદ તો પામી ચૂકી છે. પરંતુ આ વર્ષે આપણું ગાંધીનગર ગરબાનગરી પણ ભાસી રહ્યું છે. ખૂબ સુંદર, મોટા ગરબા આયોજનો થકી ગાંધીનગરની શાખ દેશ વિદેશમાં પ્રસરી રહી છે. માત્ર આયોજન જ નહીં એના શિસ્તબધ્ધ સંચાલન થકી ગરબા પ્રેમીઓ ખૂબ ખુશ છે. આખા ગુજરાત અને દેશ-વિદેશથી પધારતા મહેમાનો નો ધસારો અત્યારે ગાંધીનગરને જીવંતતા બક્ષી રહ્યો છે. ગાંધીનગરના આવા સુંદર આયોજનો ને સલામ, કે જેણે ગુજરાતના પાટનગર ગાંધીનગરની માત્ર સરકારી નગરીની ઓળખને હવે સાંસ્કૃતિક નગરીનું ઉપનામ બક્ષ્યું છે. અહીં સામાજીક-સેવાકીય કામ કરતી સંસ્થાઓ પણ ઉત્તમ રીતે કામ કરે છે. ઓછી વસ્તી છતાં ખૂબ સારા ઉમદા કામો થકી ગાંધીનગરને ઘણો યશ સાંપડે છે, એમાં અનેક સંસ્થાઓ નો સિંહફાળો છે.

આ વર્ષે ગુજરાતી જન અનેક પડકારોમાં થી પસાર થઈ રહ્યો છે. છતાં પણ ગરબામાં પરિવાર સહિત ભાગ લેતા આ ગુજરાતીઓ ને જોતાં લાગે છે કે વિપરિત સંજોગો છતાં હાર માને એમ નથી. નવરાત્રીના આ પાવન પર્વ નિમિત્તે, ભક્તિ દ્વારા શક્તિ અને ગરબે ઘૂમી ઊર્જા મેળવવા તે કટિબધ્ધ છે. સુંદર તાલબધ્ધ સંગીત સાથે ઝુમીને દરેક ગરબે ઘુમનાર જીવનમાં લય પ્રસ્થાપિત કરવા પ્રયત્નશીલ છે. બાળકો અને યુવાનો નો અતિ લોકપ્રિય ઉત્સવ સહુમાં નવી ચેતના, નવા ઉમંગો અને સ્વપ્નોને જગાડવાનું કામ કરે છે. માતાજીની આરાધના સ્વરૂપે બહેનો-વડીલો દ્વારા એક જ સ્થાન પર બેસી સમૂહમાં ગરબાના ગાન દ્વારા માતાજીની આરાધનાની પ્રથા પણ આપણાં ગુજરાતમાં છે. જેને બેઠા ગરબા કહેવામાં આવે છે. મા જગદંબાને પ્રાર્થના અને વિનવણીના ભાવ સાથે આ ગરબો આસ્થા-ભકિતથી છલોછલ હૃદયમાં ઊર્મિ અને આંખમાં જળ સાથે 'મા' ના ચરણોમાં સમર્પિત કરાય છે, ત્યારે સાચે જ 'મા' ના સાક્ષાત્કારની અનુભૂતીનો અનુભવ થાય છે. 'મા જગદંબા' ની આરાધનાનું આ પર્વ શારદીય નવરાત્રી તરીકે પણ ઓળખાય છે. એક મહીના પહેલાંથી પદયાત્રીઓ મા અંબાને ધામ, અંબાજી તરફ પ્રયાણ કરે છે. વાતાવરણમાં ભકિતભાવના મંડાણ નવરાતના ઘણા સમય પહેલાંથી થઈ જાય છે. બજારો ધમધમે છે. સુસ્તી અનુભવતા ધંધા-રોજગારમાં તેજી અનુભવાય છે. દુનિયાનો સૌથી લાંબો ઉજવાતો ઉત્સવ એટલે આપણી નવરાત્રી, ભક્તિ અને કલાનો સંગમ વિદેશીઓમાં પણ લોકપ્રિય છે. પાર્ટી પ્લોટ્સમાં કે ગરબાના વિશાળ આયોજનોમાં નવા સ્વરૂપે ગવાતાં ગરબામાં ભકિત તો છે જ સાથે ગ્લેમર ઊમેરાયું છે. જે આજની આપણી આ દુનિયાનું સૌથી મોટું આકર્ષણ છે. હવે ટ્રેડીશનલ ગુજરાતી ગરબા, અનેક વાદ્યો અને વૃંદ સાથે, નીવડેલા ગાયક કલાકારો દ્વારા સંગીતના એક પ્રકાર તરીકે પીરસવામાં આવે છે.

ગુજરાતને એવા ખમતીધર અને સમૃધ્ધ કલાકારો સાંપડ્યા છે જે ગરબાની સોડમને અકબંધ રાખી તેમાં નવા ફ્લેવર્સ ઉમેરે છે જે ગરબાને વધુ કલાત્મક અને સોહામણો બનાવે છે. માત્ર સાંભળવાથી પણ મોજ પડી જાય એવા ગુજરાતના ગરબાની લ્હાણીને માણવી હોય તો નવરાત્રીની ઉજવણીના ભાગ બનવું જ રહ્યું. નાના ટાબરિયાં થી શરૂ કરીને વૃધ્ધ સુધી દરેક ગુજરાતી ઢોલની થાપ પર પોતાના પગ રોકી શકતો નથી. સંગીતના તાલે ઝૂમતાં પગલાં...ગરવા ગુજરાત અને ગુજરાતીની ઓળખ છે... ગરબો એના લોહીમાં વહે છે. કોઈ પણ પ્રકારની ટ્રેનીંગ વિના ઉત્તમ રીતે હાથ-પગ અને તાલનો સુમેળ સાધી રમાતો ગરબો દુનિયાના કોઈ પણ શ્રેષ્ઠ ડાન્સ ફોર્મને ટક્કર આપી શકવા સક્ષમ છે. આમેય ગુજરાતી માટે વેસ્ટર્ન ડાન્સ પાર્ટી કે લગ્ન કે અન્ય ઊજવણી દરેક જગ્યાએ ગરબો જ ઊજવણીનું શ્રેષ્ઠ માધ્યમ છે.

આજકલ સમાજમાં, પાર્ટી પ્લોટના ગરબા તરફ એક પ્રકારના અણગમાનું માહોલ છે. એને દુષણ તરીકે જોવાય છે. પરંતુ આપણે જાણીએ છીએ કે પરિવર્તન એ કુદરતનો નિયમ છે. જીવનનાં અનેક ચલણોમાં પરિવર્તનનો પવન ફુંકાય છે. દરેક પેઢીને પોતાના સમયનું શ્રેષ્ઠ અને ગમતું નક્કી કરવાનો અધિકાર છે... હા એ પછી સારા-નરસા પરિણામો પણ એજ પેઢીની જવાબદારી બની રહે છે. આગળ વધતી આ દુનિયાના સામાજીક માળખાને સાચવવાનો વારો હવે ઊગતી પેઢીનો છે. માન મર્યાદાને નેવે મૂકીને કરાતી વેશભૂષા, ઉચ્છૃંખલ વર્તણૂંક અમર્યાદ બને...વિવેકભાન ચૂકાય ત્યારે ગરબો બદનામ થાય છે. ગરબા ક્લાસીસની પ્રથા થકી અવનવાં તાલ પર યુવાનો ગરબે ઘુમે છે. બધાથી અલગ કંઈક કરવાની હોડ જામે છે. મોટા મોટા ઈનામો અને ટ્રોફી જીતવા માટે કંઈ પણ કરવાની ઘેલછા આજકાલ ખેલૈયાઓમાં જોવા મળે છે. જે એક ગંભીર બાબત છે.

> નાના ટાબરિયાં થી શરૂ કરીને વૃધ્ધ સુધી દરેક ગુજરાતી ઢોલની થાપ પર પોતાના પગ રોકી શકતો નથી. સંગીતના તાલે ઝૂમતાં પગલાં...ગરવા ગુજરાત અને ગુજરાતીની ઓળખ છે... ગરબો એના લોહીમાં વહે છે. કોઈ પણ પ્રકારની ટ્રેનીંગ વિના ઉત્તમ રીતે હાથ-પગ અને તાલનો સુમેળ સાધી રમાતો ગરબો દુનિયાના કોઈ પણ શ્રેષ્ઠ ડાન્સ ફોર્મને ટક્કર આપી શકવા સક્ષમ છે. આમેય ગુજરાતી માટે વેસ્ટર્ન ડાન્સ પાર્ટી કે લગ્ન કે અન્ય ઊજવણી દરેક જગ્યાએ ગરબો જ ઊજવણીનું શ્રેષ્ઠ માધ્યમ છે

સ્પર્ધાનું તત્વ આનંદના તત્વ પર હાવી થઈ ભક્તિના આ પરંપરાગત પર્વને હૂંસાતૂંસી માં ફેરવીનાંખે છે. ચોક્કસ રીતે ગુજરાતનો ગરબો અફલાતૂન હતો, છે અને રહેશે... 'આનંદનો ગરબો' જેમાં 'મા જગદંબા' ના ગુણગાન સાથે આરાધના કરવામાં આવે છે એમજ